1. ભારતની સૌપ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ પ્રાપ્ત કરનાર શહેર

(A) કલકત્તા
(B) દિલ્હી
(C) ચેન્નઈ
(D) મુંબઇ

2. મુંબઇ અને દિલ્હીને જોડનાર હાઇ-વે પ્રોજેક્ટનું નામ

(A) NHRC
(B) MDCI
(C) GIDC
(D) DMCI

3. ભારતની પહેલી બુલેટ ટ્રેઇન પ્રોજેક્ટ અમલમાં મૂકવા કઇ ભારતીય કંપનીની સ્થાપના કરવામાં આવેલી છે ?

(A) UGVCL
(B) HSRPL
(C) IPCL
(D) NHSRCL

4. સર્જીકલ સ્ટ્રાઇક આધારિત ફિલ્મનું નામ શું છે ?

(A) એલ.ઓ.સી.
(B) રેફ્યુજી
(C) ઉરી
(D) બોર્ડર

5. અમદાવાદનાં વતની એવા બોલીવુડનાં પ્રસિદ્ધ ગાયક કલાકાર

(A) દર્શન રાવલ
(B) મહંમદ રફી
(C) શબ્બીર કુમાર
(D) કિશોર કુમાર

6. તાજેતરમાં ગુજરાતમાં વિનાશ નોતરનાર વાવાઝોડાનું નામ શું છે ?

(A) વેનેશા
(B) બિપરજોય
(C) વેરોનિકા
(D) તાઉતે

7. હાલનાં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ કોણ છે ?

(A) માન. ન્યાયાધીશ શ્રી વિક્રમનાથ સાહેબ
(B) માન. ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ સાહેબ
(C) માન. ન્યાયાધીશ શ્રી એન.વી. અંજારીયા સાહેબ
(D) માન. ન્યાયાધીશ શ્રી એ.જે. દેસાઇ સાહેબ

8. ગુજરાત વિધાનસભાનાં હાલનાં સ્પીકર

(A) શ્રી નિમાબહેન આચાર્ય
(B) શ્રી બરજોર પારડીવાલા
(C) શ્રી શંકર ચૌધરી
(D) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી

9. હાલનાં ચીફ ઓફ આર્મી સ્ટાફ

(A) જનરલ મનોજ નારવણે
(B) જનરલ મનોજ પાંડે
(C) જનરલ વી.પી. મલિક
(D) જનરલ બીપીન રાવત

10. ભારતીય સરહદની રક્ષા કરનાર પેરામીલીટરી ફોર્સ

(A) IPKF
(B) CISF
(C) BSF
(D) CRPF

11. હાલમાં ગુજરાતનાં કાયદા મંત્રીશ્રી

(A) રાજેન્દ્ર ત્રિવેદી
(B) રિષિકેશ પટેલ
(C) નિતીન પટેલ
(D) હર્ષ સંઘવી

12. "લિયે લાલો અને ભરે હરદા" કહેવતનો સાચો અર્થ લખો.
(A) એક વ્યક્તિ ન કરવાનાં કામ કરે અને અન્ય નિર્દોષને એની સજા ભોગવવી પડે
(B) એક ભૂખ્યો બીજા ભૂખ્યાને શું ખવડાવે ?
(C) સરકાર પૈસા વાપરે અને પ્રજા વેરો ભરે
(D) ખાડો ખોદે તે પડે

13. "એક કાંકરે બે પક્ષી મારવા" કહેવતનો અર્થ જણાવો.
(A) સફળતા ન મળે એટલે પક્ષીને મારવા
(B) કાંકરાથી બે પક્ષીનો પ્રાણ લેવો
(C) કાર્ય સિદ્ધ ન થાય તે માટે પથ્થર મારવો
(D) એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવા

14. આમાં "અનુગામી"નો વિરોધાર્થી કોણ છે ?
(A) ઉર્ધ્વગામી
(B) હંગામી
(C) અધોગામી
(D) પુરોગામી

15. ________ એ અપેક્ષિત ઇચ્છનીય લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યારે ઉદ્‌ભવતો આવેગ છે.
(A) આનંદ
(B) હતાશા
(C) વ્યગ્રતા
(D) સંઘર્ષ

16. રૂઢિપ્રયોગ "માથે ઝાડ ઉગવાં"નો અર્થ શું છે ?
(A) ફળદ્રુપ જમીન
(B) બહુ દુઃખ પડવા
(C) લાંબો વખત ન ટકે એવી વસ્તુ
(D) ખૂબ સમૃદ્ધ હોવું

17. "ઓછું આવવું" રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
(A) કરકસર કરવી
(B) ખુશ થવું
(C) દુઃખ થવું
(D) વધારે ન હોવું

18. "શ્રુતિ" શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ જણાવો.
(A) વિલાસી
(B) વેદ
(C) શ્રમ
(D) શ્વેત

19. "ઇન્દ્ર"નો સમાનાર્થી શબ્દ આપો.
(A) વાસવ
(B) મયંક
(C) સુવાસવ
(D) માહીર

20. "સસ્તું ભાડું અને સિધ્ધપુરની જાત્રા" એટલે શું ?
(A) ઓછા ખર્ચે પ્રસંગ પૂરો કરવો
(B) મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું
(C) કામ ખૂબ જ સહેલું હોવું
(D) જીવ્યા કરતાં જોયું ભલું

21. "મંદ"નો નજીકનો સમાનાર્થી કયો ?
(A) ઢીલું
(B) સ્થિર
(C) ધીમું
(D) પોચું

22. CNGમાં મોટાભાગે નીચેનામાંથી કયો વાયુ હોય છે ?

(A) હિલિયમ
(B) ઓક્સિજન
(C) મિથેન
(D) નાઈટ્રોજન

23. ચિકનગુનિયા શાનાથી થાય છે ?

(A) બેક્ટેરિયા
(B) પ્રદૂષિત જળ
(C) પ્રદૂષિત હવા
(D) ચેપી મચ્છર

24. અનુસૂચિત જનજાતિ(ST)નો દરજ્જો

(A) હિન્દુઓ અને મુસ્લિમો પૂરતો સીમિત છે.
(B) ધર્મ સાથે કોઈ સંબંધ ધરાવતો નથી.
(C) હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પૂરતો સીમિત છે.
(D) હિન્દુઓ પૂરતો સીમિત છે.

25. ભારતમાં નીચે દર્શાવેલ પર્વતમાળા પૈકી સૌથી જૂની પર્વતમાળા કઈ છે ?

(A) દર્શાવેલ ત્રણેય પર્વતમાળાઓ
(B) હિમાલય
(C) શિવાલિક
(D) અરવલ્લી

26. "નાકની દાંડી સામે આંખો રાખવી" તેનો અર્થ નીચેના પૈકી કયો થાય છે ?

(A) સીધો કે ધોરી માર્ગ
(B) સીધે રસ્તે જવું
(C) સામે મોં એ જવું
(D) પ્રમાણિક રહેવું

27. ગુજરાતમાં સૌપ્રથમ મફત અને ફરજિયાત શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા ?

(A) દિગ્વિજયસિંહજી
(B) જામરણજીતસિંહ
(C) સયાજીરાવ ગાયકવાડ
(D) પ્રતાપસિંહ

28. કયા સત્યાગ્રહને ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ માનવામાં આવે છે ?

(A) સાબરમતી સત્યાગ્રહ
(B) ધરાસણા સત્યાગ્રહ
(C) ખેડા સત્યાગ્રહ
(D) બારડોલી સત્યાગ્રહ

29. નર્મદા નદીનું ઉદ્‌ગમ સ્થાન ક્યાં છે ?

(A) પશ્ચિમ ઘાટ
(B) અમરકંટક
(C) બ્રહ્મગિરી
(D) સાતપુડા

30. ઉકાઈ ડેમ કઈ નદી પર છે ?

(A) મહી
(B) તાપી
(C) નર્મદા
(D) કરજણ

31. 'વેદો તરફ પાછા વળો' એવું સૂત્ર નીચેનામાંથી કોણે આપ્યું ?

(A) દયાનંદ સરસ્વતી
(B) શંકરાચાર્ય
(C) રામાનંદ
(D) સ્વામી વિવેકાનંદ

32. ગાંધીજીને 'મહાત્મા'નું બિરૂદ કોણે આપ્યું છે ?

(A) નેલ્સન મંડેલા
(B) રવીન્દ્રનાથ ટાગોર
(C) દલાઈ લામા
(D) નેતાજી સુભાષચંદ્ર બોઝ

33. ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થતા કેન્દ્ર (GIMAC)ની સ્થાપના ક્યાં કરવામાં આવશે ?

(A) રાજકોટ
(B) GIFT સિટી
(C) લોથલ
(D) ધોલેરા SIR

34. ગુજરાતી ભાષાનો વૈશ્વિક સ્તરનો શબ્દકોશ : ભગવદ્ગોમંડલ, ........ રાજ્યનાં રાજાનાં માર્ગદર્શન નીચે તૈયાર થયો હતો.

(A) પોરબંદર
(B) ગોંડલ
(C) લાઠી
(D) ભાવનગર

35. યોગ્ય જોડકું જોડો :

| | | | |
|---|---|---|---|
| (1) | તાનારીરી | (i) | વડનગર |
| (2) | રણોત્સવ | (ii) | કચ્છ |
| (3) | વસંતોત્સવ | (iii) | ગાંધીનગર |
| (4) | પતંગોત્સવ | (iv) | અમદાવાદ |

(A) 1-iv, 2-iii, 3-ii, 4-i
(B) 1-ii, 2-iii, 3-iv, 4-i
(C) 1-iii, 2-iv, 3-i, 4-ii
(D) 1-i, 2-ii, 3-iii, 4-iv

36. વિશ્વની સૌથી લાંબી નદી નાઈલ હોય તો જળ-જથ્થાની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી નદી એમેઝોન કયા ખંડ સાથે સંબંધિત છે ?

(A) દક્ષિણ અમેરિકા
(B) ઓસ્ટ્રેલિયા
(C) ઉત્તર અમેરિકા
(D) યુરોપ

37. ગુજરાતમાં સામાજિક સુધારાનાં પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) મહર્ષિ કર્વે
(B) કરસનદાસ મૂળજી
(C) કનૈયાલાલ મુનશી
(D) દુર્ગારામ મહેતા

38. ગુજરાત રાજ્યનાં કયા પ્રદેશને 'સોનેરી પાનનો મુલક' પણ કહે છે ?

(A) સૌરાષ્ટ્ર
(B) કચ્છ
(C) દક્ષિણ ગુજરાત
(D) ચરોતર

39. ગુજરાતનો ક્યો પ્રદેશ કપાસ ઉત્પાદન માટે જાણીતો છે ?

(A) હાલાર
(B) ચરોતર
(C) કાનમ
(D) ભાલ

40. તાજેતરમાં ગુજરાતનાં ક્યા શહેરમાં નિર્મિત મશીન પર ચંદ્રયાન-3નાં સ્પેરપાર્ટસ્ બનશે ?

(A) ભાવનગર (B) જામનગર

(C) જૂનાગઢ (D) રાજકોટ

41. બાયોગેસમાં મુખ્યત્વે _________ સમાવિષ્ટ હોય છે.

(A) હાઈડ્રોજન અને ઓક્સિજન (B) હાઈડ્રોજન અને મિથેન

(C) કાર્બન ડાયોક્સાઈડ અને મિથેન (D) કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજન

42. 'કિમોથેરાપી' કયા રોગની સારવારમાં કરાય છે ?

(A) ન્યૂમોનિયા (B) એઈડ્ઝ

(C) હાર્ટ સર્જરી (D) કેન્સર

43. દેશમાં કેસરનાં ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ ક્યો છે ?

(A) મેઘાલય (B) જમ્મુ અને કાશ્મીર

(C) હિમાચલ પ્રદેશ (D) આસામ

44. નીચેનાં પૈકી ક્યું જોડકું યોગ્ય છે ?

1. હઠીસીંગ જૈન મંદિર – અમદાવાદ
2. નાગેશ્વર જ્યોતિર્લીંગ – દ્વારકા
3. સૂર્ય મંદિર – મોઢેરા
4. અંબાજી મંદિર – હિંમતનગર(સાબરકાંઠા)

(A) 2, 3 અને 4 (B) 1, 3 અને 4

(C) 1, 2, 3 (D) 1, 2 અને 4

45. બનાસ નદીનું ઉદ્દ્ભવસ્થાન ક્યાં છે ?

(A) હરિયાણા (B) રાજસ્થાન

(C) ગુજરાત (D) મધ્યપ્રદેશ

46. વડનગરમાં ખોદકામ દરમિયાન મળી આવેલું કેપ્સ્યૂલ આકારનું પ્રાચીન સ્ટ્રક્ચર કયા ધર્મ સાથે સંબંધિત છે, તેમ મનાય છે ?

(A) આપેલ તમામ (B) બૌદ્ધ

(C) હિન્દુ (D) જૈન

47. ભારતમાં પત્રકારત્વનાં અગ્રદૂત તરીકે કોની ગણના થાય છે ?

(A) લોકમાન્ય તિલક (B) રાજા રામમોહનરાય

(C) બારીન્દ્રનાથ ઘોષ (D) રવીન્દ્રનાથ ટાગોર

48. મરીન નેશનલ પાર્ક કયા ટાપુ પર આવેલો છે ?

(A) છાડ બેટ (B) બેટ દ્વારકા

(C) પિરોટન (D) પિરમ

49. ગુજરાતી લોકસાહિત્યનાં હાસ્ય કલાકાર

(A) રવિન્દ્ર જાડેજા (B) દલેર મહેંદી
(C) રાજ્યવર્ધનસિંહ રાઠોડ (D) શાહબુદ્દીન રાઠોડ

50. ગુજરાતમાં જીલ્લાનાં પોલીસ વડાને કયા નામે સંબોધવામાં આવે છે ?

(A) કેપ્ટન (B) એ.સી.પી.
(C) કર્નલ (D) ડી.એસ.પી.

51. 9 + 19 + 29 + ....... + 99 =

(A) 199 (B) 200
(C) 540 (D) 500

52. જો તારીખ 20 ફેબ્રુઆરી 2016ના રોજ શનિવાર હોય તો તારીખ 23 માર્ચ 2016ના રોજ ક્યો વાર હશે ?

(A) બુધવાર (B) ગુરૂવાર
(C) રવિવાર (D) મંગળવાર

53. 16 : 56 :: 32 : (?)

(A) 96 (B) 144
(C) 128 (D) 112

54. Junk e-mailને બીજા કયા નામથી ઓળખવામાં આવેલ છે ?

(A) Sniffer Script (B) Spoof
(C) Spool (D) Spam

55. સૂર્યનાં કિરણો વડે થતી સારવારને શું કહેવાય ?

(A) નેચરોપથી (B) હાઇડ્રોપથી
(C) હોમિયોપથી (D) હિલિયોપથી

56. નીચેનામાંથી ક્યા મહાનુભાવ દક્ષિણ આફ્રિકાનાં વતની અને બ્લેક ગાંધી તરીકે જાણીતા છે ?

(A) પ્રિન્સ બિસ્માર્ક (B) ગેરી બાલ્ડી
(C) ખલિલ જિબ્રાન (D) નેલ્સન મંડેલા

57. ગુજરાતમાં આવેલ નેશનલ પાર્ક/અભ્યારણ્ય અને તેનાં સંબંધિત જીલ્લાઓ પૈકી ક્યા જોડકા યોગ્ય છે ?

1. જાંબુઘોડા સેંચુરી – પંચમહાલ
2. હીંગોળગઢ (Hingolgadh) નેચર એજ્યુકેશન સેંચુરી – રાજકોટ
3. ખીજડીયા બર્ડ સેંચુરી – જામનગર
4. શુલ પાનેશ્વર સેંચુરી – વલસાડ

(A) 2, 3 અને 4 (B) 1, 3 અને 4
(C) 1, 2 અને 4 (D) 1, 2 અને 3

58. કચ્છનાં નાના રણમાં આવેલા ઝીંઝુવાડાના કિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) સિદ્ધરાજ જયસિંહ (B) વિસલદેવ
(C) કુમારપાળ (D) ભીમદેવ-1

59. 3, 5, 7, 11, 13, 17, ?

(A) 22 (B) 21

(C) 23 (D) 19

60. જો DELHI = 73541 અને CALCUTTA = 82589662 હોય તો CALICUT બરાબર કેટલા થાય ?

(A) 8543691 (B) 5279431

(C) 8251896 (D) 5278013

61. જો LINKનો KILN અર્થ હોય તો PINKનો અર્થ શું થાય ?

(A) NIKP (B) KINP

(C) KIPN (D) IPNK

62. જો AHMEDABAD = BINFEBCBE તો BARODA = ?

(A) CDTPFD (B) DBRTFB

(C) CBQNEB (D) CBSPEB

63. 40 બાળકોની લાઇનમાં મોહન જમણી બાજુથી 14મા ક્રમે છે તો તે ડાબી બાજુથી કયા ક્રમે હશે ?

(A) 26મા (B) 27મા

(C) 24મા (D) 25મા

64. દિનેશ 5 કિ.મી. દક્ષિણ દિશા તરફ ચાલે છે, તે પછી તે પોતાની જમણી બાજુ વળી 10 કિ.મી. ચાલે છે. પછી તે પોતાની ડાબી તરફ વળી 5 કિ.મી. ચાલે છે. પછી તે પૂર્વ તરફ 10 કિ.મી. ચાલે છે. તો તે પોતાનાં પ્રારંભિક બિંદુથી કઇ દિશામાં હશે ?

(A) ઉત્તર (B) પશ્ચિમ

(C) દક્ષિણ (D) પૂર્વ

65. P, Qનો ભાઇ છે. R, Qની માતા છે. S, Rના પતિ છે. T, Sની માતા છે, તો Pનો T સાથેનો સંબંધ શું થાય ?

(A) દાદી (B) પ્રપૌત્ર

(C) પૌત્રી (D) પૌત્ર

66. જો એક હરોળમાં શૈલેષનો ક્રમ આગળથી 15મો અને પાછળથી 41મો છે, તો આ હરોળમાં મધ્યમાં રહેલા મૌલિકનો ક્રમ કયો હશે ?

(A) 30મો (B) 28મો

(C) 29મો (D) 27મો

67. એક પરિવારમાં એક પુરૂષ અને તેની પત્ની, તેમનાં ચાર દીકરા અને તેમની પત્નીઓ રહે છે. દરેક દીકરાને ત્રણ દીકરા અને એક દીકરી હોય તો, સમગ્ર કુટુંબમાં પુરૂષ સભ્યોની સંખ્યા જણાવો.

(A) 17 (B) 8

(C) 12 (D) 4

68. ધારો કે આજે શુક્રવાર છે તો પછીનાં રવિવાર પછી 25મા દિવસે કયો વાર હશે ?

(A) શુક્રવાર (B) બુધવાર

(C) મંગળવાર (D) ગુરૂવાર

69. ઈરાની કપ કઈ રમત સાથે સંબંધિત છે ?

(A) હોકી
(B) ક્રિકેટ
(C) બેડમિંટન
(D) ફૂટબોલ

70. રાજ્યવર્ધનસિંહ રાઠોડ કઈ રમત સાથે સંબંધિત છે ?

(A) ક્રિકેટ
(B) ફૂટબોલ
(C) કબડ્ડી
(D) રાઈફલ શુટિંગ

71. કઈ રમત ઘોડા પર બેસીને રમાય ?

(A) બિલિયર્ડ
(B) બેઝબોલ
(C) પોલો
(D) રગ્બી

72. "ગ્રાન્ડ માસ્ટર" ઉપાધિ કઈ રમતમાં આપવામાં આવે છે ?

(A) બેઝબોલ
(B) ટેબલટેનિસ
(C) શતરંજ
(D) ગોલ્ફ

73. વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે ?

(A) 2જી ઓક્ટોબર
(B) 21મી જૂન
(C) 1લી મે
(D) 5મી જૂન

74. 2024માં સમર ઓલિમ્પિક કયા દેશમાં યોજાશે ?

(A) ભારત
(B) ફ્રાંસ
(C) ઓસ્ટ્રેલિયા
(D) જર્મની

75. $9 + 8 + 7 - 10 =$

(A) 10
(B) 9
(C) 14
(D) 8

76. $29 \times 16 =$

(A) 400
(B) 464
(C) 340
(D) 220

77. પ્રખ્યાત રમતવીર ધ્યાનચંદજીની શ્રેષ્ઠતા કઈ રમતમાં સિદ્ધ થયેલી હતી ?

(A) ક્રિકેટ
(B) શતરંજ
(C) તિરંદાજી
(D) હોકી

78. સુનિલ ગાવસ્કર તેની પ્રથમ ટેસ્ટ મેચ કયા રાષ્ટ્રની સામે રમ્યા હતા ?

(A) વેસ્ટ ઈન્ડિઝ
(B) ઓસ્ટ્રેલિયા
(C) પાકિસ્તાન
(D) ઇંગ્લેન્ડ

79. આમાં કોણ જુદું પડે છે ?

(A) ગોલકીપર
(B) વિકેટ કીપર
(C) પેનલ્ટી
(D) સેન્ટર ફોરવર્ડ

80. સૌથી નાની વયે "ભારત રત્ન" એવોર્ડ મેળવનાર ક્યો ક્રિકેટર છે ?
(A) કપિલ દેવ
(B) સંજય માંજરેકર
(C) વિરેન્દ્ર સેહવાગ
(D) સચીન તેંડુલકર

81. ભારતની રાષ્ટ્રીય રમત કઈ છે ?
(A) કબડ્ડી
(B) હોકી
(C) ફૂટબોલ
(D) ક્રિકેટ

82. ભારતમાં રમતવીરને રમત માટે અપાતો સર્વોચ્ચ એવોર્ડ કયો છે ?
(A) આઇ.પી.એલ. એવોર્ડ
(B) ફિલ્મફેર એવોર્ડ
(C) દાદાસાહેબ ફાળકે એવોર્ડ
(D) ખેલ રત્ન એવોર્ડ

83. પ્રસિદ્ધ ક્રિકેટર જેની સાથે અભિનેત્રી અનુષ્કા શર્માએ લગ્ન કરેલ છે
(A) હાર્દિક પંડ્યા
(B) એમ.એસ. ધોની
(C) ઈરફાન પઠાણ
(D) વિરાટ કોહલી

84. "ગ્રાન્ડસ્લેમ" શબ્દ કઈ રમત સાથે સંકળાયેલો છે ?
(A) બાસ્કેટ બોલ
(B) ટેનિસ
(C) વોલીબોલ
(D) બેડમિંટન

85. કયા પ્રથમ ભારતીય ખેલાડીએ ઓલિમ્પિકમાં બેડમિંટનની રમતમાં મેડલ જીતેલ છે ?
(A) સ્મૃતિ મંધાના
(B) પી.ટી. ઉષા
(C) સાઈની અબ્રાહમ
(D) સાઈના નેહવાલ

86. "ડુરાન્ડ કપ" કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) કબડ્ડી
(B) સ્વીમીંગ
(C) ફૂટબોલ
(D) ક્રિકેટ

87. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કયા શહેરમાં આવેલ છે ?
(A) અમદાવાદ
(B) મુંબઈ
(C) ચેન્નઈ
(D) દિલ્હી

88. ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ
(A) શ્રીલંકા
(B) અફઘાનિસ્તાન
(C) બાંગ્લાદેશ
(D) ભારત

89. ટાઈગર વુડ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(A) વોલીબોલ
(B) ગોલ્ફ
(C) કબડ્ડી
(D) ટેનિસ

90. ગુજરાતમાં બટાકા સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે ?

(A) ભાવનગર (B) નવસારી

(C) જૂનાગઢ (D) ડીસા

91. …… એ નેટવર્ક સુરક્ષા પ્રણાલી છે કે જે પૂર્વ નિર્ધારિત સલામતી નિયમોને આધારે incoming અને outgoing નેટવર્ક ટ્રાફિકનાં નિયંત્રણની દેખરેખ રાખે છે.

(A) HTTPS (B) Anti-Virus

(C) VPN (D) FireWall

92. 26 નવેમ્બરનો દિવસ કયા નામે મનાવાય છે ?

(A) ખેલકૂદ દિવસ (B) યોગ દિવસ

(C) સાર્વભૌમત્વ દિવસ (D) બંધારણ દિવસ

93. ભારત સરકારનાં કાનૂન અને ન્યાય મંત્રાલયે ઘર આંગણે ન્યાય આપવા ક્યું અભિયાન લોન્ચ કર્યુ છે ?

(A) એક પહલ ડ્રાઈવ (B) એક નિર્માણ ડ્રાઈવ

(C) એક સત્ય ડ્રાઈવ (D) એક વિવાદ ડ્રાઈવ

94. તાજેતરમાં ભારતનાં પ્રથમ ફેન્ટન કેટેલેટિક રિએક્ટર વેસ્ટવોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ક્યાં કરવામાં આવ્યું ?

(A) રાજકોટ (B) ભરૂચ

(C) અમદાવાદ (D) વડોદરા

95. વિદ્યુત ઉપકરણો માટે આજકાલ જાણીતો બનેલ LED શબ્દનું પૂર્ણ સ્વરૂપ શું છે ?

(A) Light Emitting Diode (B) Light Effective Diode

(C) Low Emission Device (D) Low Energy Device

96. IRDA કયા ક્ષેત્રનાં નિયંત્રક તરીકે કામ કરે છે ?

(A) બેંકિંગ સેક્ટર (B) મ્યુચ્યુઅલ ફંડ

(C) રૂરલ ડેવલપમેન્ટ (D) વીમા ક્ષેત્ર

97. રાંધણ ગેસ શેનું મિશ્રણ છે ?

(A) કાર્બન ડાયોક્સાઇડ અને ઓક્સિજન (B) બ્યુટેન અને પ્રોપેન

(C) મિથેન અને ઈથિલિન (D) કાર્બન મોનોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ

98. કયા કાર્યક્રમો દ્વારા કન્યા કેળવણીનાં જાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરાયા છે ?

(A) આપેલ તમામ (B) સપ્તધારા

(C) ગુણોત્સવ (D) Right to Education

99. તાજેતરમાં ભારતની સૌપ્રથમ અર્થક્વેક અર્લી વોર્નિંગ મોબાઇલ એપ કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવી ?

(A) મેઘાલય (B) હિમાચલ પ્રદેશ

(C) સિક્કિમ (D) ઉત્તરાખંડ

100. H1N1 વાયરસને નીચેનાં પૈકીનાં કયા રોગ (Disease) સાથે સંબંધ છે ?

(A) સ્વાઈન ફ્લુ (Swine Flu) (B) બર્ડ ફ્લુ (Bird Flu)

(C) ડેંગ્યુ (Dengue) (D) એઈડ્સ (AIDS)